પ્રતિ,

હસમુખભાઇ એન. ભગડેવ

માનદમંત્રી અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન,

અમદાવાદ શહેર

વિષય : આપ શ્રીne પો.સ્ટે. વિસ્તારની માહિતીની જાણ કરવા બાબત.

જય ભારત સાથે પોલીસ ઇન્સપેકટર કે.એસ.બ્રહ્મભટ્ટ "એફ" ટ્રાફિક પોલીસ સ્ટેશન અમદાવાદ શહેરનો લેખિત રિપોર્ટ કે,

ઉપરોકત વિષય અનુસંધાને જણાવવાનુ કે, આપ શ્રીએ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક અમદાવાદ શહેર નાઓને સંબોધિને અમદાવાદ શહેરમાં આવેલ તમામ પોલીસ સ્ટેશનની હદ તેમજ ટ્રાફિક બુથ અંગેની માહિતી માંગેલ હોય જે અન્વયે લખી જણાવવાનું કે, અત્રેના "એફ" ડિવી. ટ્રાફિક પોલીસ સ્ટેશન વિસ્તાર શાહીબાગ પોલીસ સ્ટેશન તેમજ દરિયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારની હદ સમાવિષ્ટ કરેલ છે. જેમાં શાહીબાગ પો.સ્ટે. વિસ્તારમાં એરપોર્ટ સર્કલ પહેલા થી શાહીબાગ અંડરબ્રીજ પશ્ચિમ તરફનો ભાગ તેમજ FSL ચાર રસ્તાથી હોળી ચકલા, ચમનપુરા સર્કલ, અસારવા ગામ, ચામુંડાબ્રીજ, અસારવા બ્રીજ, ગીરધરનગર બ્રીજ, મહાપ્રજ્ઞજી બ્રીજ જે તમામ બ્રીજના મધ્ય ભાગથી ઉતર તરફનો ભાગ તેમજ ટ્રાફિક ડફનાળા બુથ (બીટ) તથા સિવિલ બીટ સુધી તથા દરિયાપુર પો.સ્ટે. વિસ્તાર પ્રેમ દરવાજા થી ફ્રુટ બજાર તેમજ દરિયાપુર પો.સ્ટે. નો સમગ્ર અંદરનો ભાગ ડબગર વાડ ચોકી થી તંબુ ચોકી દરિયાપુર દરવાજા તેમજ દિલ્હી ચકલા પહેલા સુરતી હોટલ દરિયાપુરનો વિસ્તાર સમાવિષ્ટ કરવામાં આવેલ છે. જે બાબતની જાણ કરવામાં આવેલ છે. તા.૨૩/૦૪/૨૦૨૨

(કે.એસ.બ્રહ્મભટ્ટ)
પોલીસ ઇન્સપેકટર
"એફ" ટ્રાફિક પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર